૬૦૧/૩,૩૧૪

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રવીણ - ૧**

નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - બારમી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૨

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો.** [૬]
**(સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે.)**
૧. ઉત્પત્તિ સર્ગ (૪૦-૪૪) ૨. ગુણાતીત સંતનાં લક્ષણો : વચનામૃતના આધારે (૮૩-૮૪)
૩. સાકાર સ્વરૂપમાં રુચિ (૮-૧૦) ૪. અક્ષરબ્રહ્મ : ધામરૂપે (૧૦૪-૧૦૫)

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]
**ઉદાહરણ : 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ; તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.'**
**જવાબ : ધામમાં અને પૃથ્વી ઉપર - બન્ને ઠેકાણે સદા સાકાર**
૧. "જે બ્રહ્મ છે તે તો નિર્વિકાર છે ને નિરંશ છે, માટે એ વિકારને પામે નહિ ને એના અંશ પણ થાય નહિ." (૧૦૨)
૨. "અતિશય જે મોટાપુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે." (૮૭)
૩. "એવો જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે." (૧૦૮)
૪. "જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે." (૬૫)
૫. "મહામોટો પ્રતાપ પ્રગટાવી રે, રીત નૌતમ ન્યારી ચલાવી રે." (૪૭)

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]
**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**
૧. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - અન્ય પરમહંસોનાં વચનોના આધારે (૩૮-૩૯)
(૧) ☐ આદ્ય મધ્ય અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર.
(૨) ☐ જેહ ધામને પામીને પ્રાણી પાછું પડવાનું નથી રે.
(૩) ☐ ઐસે મેરે જન એકાંતિક, તેહી સમ ઔર ન કોઈ.
(૪) ☐ દિવ્ય ચૈતન્ય અક્ષર જેનું ઘર છે જો, ક્ષર અક્ષર થકી એ તો પર છે જો.
૨. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત (૭૨, ૭૩)
(૧) ☐ મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે.
(૨) ☐ પ્રગટ પ્રભુ કે પ્રભુના સંત રે, તેહ વિના ન ઉદ્ધરે જંત રે.
(૩) ☐ કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીતશું સેવે જ્યારે.
(૪) ☐ "પ્રગટ ભગવાન છે પ્રગટ વાતું છે ને બીજા તો ચિત્રામણના સૂરજ જેવા છે."

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ વર્ણવી સિદ્ધાંત લખો.** [૪]
૧. મારું કહ્યું તો એ જ ફેરવી શકે. (૧૨૯) ૨. પર્વતભાઈને ચોવીસ અવતારનાં દર્શન. (૪૬)
૩. શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથની રચના. (૫૩-૫૪)

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]
૧. 'સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર શાથી ?' - શાસ્ત્રોનાં પ્રમાણો (૧૧૪-૧૧૫)
૨. દિવ્યભાવ (૧૮-૨૦)
૩. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ (૨૩-૨૪)
૪. 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે' - સ્વામીની વાતોના આધારે. (૧૨૪-૧૨૫)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** [૮]
૧. શ્રીજીમહારાજનો પૃથ્વી પરના પ્રાગટ્યનો હેતુ અન્ય અવતારો કરતાં શ્રેષ્ઠ છે. (૩૨-૩૪)
૨. પુરુષોત્તમ નારાયણ સર્વત્ર મૂર્તિમાન થકા વ્યાપક જ છે. (૧૫-૧૬)
૩. અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સેવક અને સ્વામીભાવનો વિશિષ્ટ સંબંધ છે. (૧૦૮-૧૦૯)
૪. શ્રીજીમહારાજ સર્વોપરી અને સર્વ અવતારના અવતારી છે તેમ સમજવું તેમના આશ્રિતો માટે અતિ આવશ્યક છે. (૨૮-૨૯)

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો.** [૭]
**(ઉપાસનામાં શું સમજવું ?)**
૧. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના આ ...... ભક્તિ-ઉપાસના કરવી. (૧૪૫)
૨. ઈશ્વર એ પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ ....... ઉત્પત્તિ વિગેરે કાર્યમાં પ્રેરે છે. (૧૪૪)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રવીણ -૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | | મહિનો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

૩. આ પ્રત્યેક અવતારોના ...... એકબીજાથી જુદા છે. (૧૪૨) ૪. અક્ષરબ્રહ્મ ધામરૂપે ....... તેમાં પ્રવેશી શકે છે. (૧૪૩)

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૫. એકલા અક્ષરબ્રહ્મ જ છે ........ ભેળા છે, તેમ ન સમજવું. (૧૪૬) ૬. શ્રીજીમહારાજની ચાખડી ........ તેમ ન સમજવું. (૧૪૬)

૭. સેવકરૂપે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ....... તેજ છે તેમ ન સમજવું. (૧૪૬)

**પ્ર.૮ ટૂંકનોંધ લખો.** સાકાર કેવી રીતે ? (૧૩-૧૫) [૫]

**વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ - ૩ - આઠમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧**
**યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - છઠ્ઠી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૧૩**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''માંદા સંતને આવું જમાડો છો.'' (૨૩) **અથવા** ૨. ''તમે પણ રાજ્યની વાસના ન રાખશો, નહિ તો બીજો જન્મ લેવો પડશે.'' (૫૪)

૩. ''અમારે તો બે દુકાળ પડ્યા.'' (૬૨) **અથવા** ૪. ''ભગવાને હાથ-પગ આપ્યા છે તેનો ઉપયોગ કરી મહેનત કરને !'' (૪૦-૪૧)

૫. ''આજે જૂના વેરનું નિરાકરણ થાય છે.'' (૫૧) **અથવા** ૬. ''ભારતમાં દુષ્કાળ છે, તેથી વરસાદ વરસે તે માટે પ્રાર્થના કરું છું.'' (૫૪)

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં)** [૮]

૧. અગતરાઈમાં મહારાજે કાઠી દરબારોને ઠપકો આપ્યો. (૫૭-૫૮) **અથવા** ૨. અરદેશરજીને રઘુવીરજી મહારાજનો મહિમા સમજાયો. (૪૨)

૩. સ્વામીશ્રી દલુભાઈને ભેટી પડ્યા. (૩૧-૩૨) **અથવા** ૪. હરિજન યુવાનોની લઘુતાગ્રંથિ ઓગળી ગઈ. (૨૨)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. શિવલાલ શેઠની નમ્રતા (૬૯) **અથવા** ૨. અખંડ બ્રહ્મચર્ય વ્રતના આગ્રહી મુકુંદદાસ (૧૪-૧૫)

૩. ડાહ્યાભાઈના જીવતરની કૃતાર્થતા (૪૨-૪૩) **અથવા** ૪. સેવક કોણ છે ? (૧૮)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. 'યમદંડ' ગ્રંથની રચના કોણે કરી ? (૩૪) ૨. ગઢપુર જતા યાત્રાળુઓ રસ્તામાં ક્યાં વિસામો લેતા હતા ? (૫)

૩. મહારાજે નદી પાર કરવા લાલજી ભક્ત પાસે શું મંગાવ્યું ? (૩૧) ૪. સ્વામીશ્રી સુરતની મહાવીર જનરલ હૉસ્પિટલમાં શા માટે ગયા ? (૩૯)

૫. પ્રમુખસ્વામીની સુવર્ણતુલા ક્યાં અને ક્યારે થઈ ? (૨૬)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. જૂનાગઢમાં રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો કરેલો સમાગમ. (૪૬)

(૧) ☐ મંગળા આરતી વખતે તૈયાર થઈ કથામાં પહોંચી જતા.

(૨) ☐ ખીચડી અથવા બાટી ને મગની દાળ ઝટ તૈયાર કરી કથામાં બેસી જતા.

(૩) ☐ બપોરે જમીને આરામ કરતા. (૪) ☐ સ્વામીશ્રીએ એમની ગ્રંથિઓ ગાળી ગુણાતીત કર્યા.

૨. કુશળ કુંવરબાનો સંતો પ્રત્યેનો અનુરાગ. (૫૩)

(૧) ☐ પરગામથી મેવા-મીઠાઈ મંગાવતાં. (૨) ☐ સંતો માટે જાતે રસોઈ બનાવતાં.

(૩) ☐ સંતો પાત્રમાં પાણીની અંજલિ ન લે એવી વિનંતી શ્રીજીમહારાજને કરી.

(૪) ☐ શેરડીનાં ગાડાં અને તાજા ગોળનાં ભીલાં મોકલતાં.

૩. સ્વામીશ્રીના વ્યક્તિત્વથી આકર્ષાયેલા ધાર્મિક નેતાઓ. (૧૨)

(૧) ☐ દલાઈ લામા (૨) ☐ જગજિતસિંઘજી (૩) ☐ આર્કબિશપ ઑફ કેન્ટરબરી (૪) ☐ પોપ જ્હૉન પોલ બીજા

૪. પ્રમુખસ્વામી મહારાજનું શાનદાર સન્માન કઈ કઈ પાર્લામેન્ટમાં થયું છે ? (૧૩)

(૧) ☐ ભારત (૨) ☐ અમેરિકા (૩) ☐ બ્રિટિશ (૪) ☐ કેનેડા

**વિભાગ - ૩ : નિબંધ**

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** [૧૫]

૧. આદિ સાક્ષર રત્ન : શ્રી ઉલ્લાસરામ પંડ્યા (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર - ૨૦૧૩, પા. નં. ૬ થી ૧૧)

૨. જન્મજાત સાધુતાનું શિખર : પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - નવેમ્બર - ૨૦૧૩, પા. નં. ૪ થી ૯)

૩. ઉપાસના - પ્રવર્તનની અજોડ કટિબદ્ધતા : શાસ્ત્રીજી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી - ૨૦૧૪, પા. નં. ૨૨ થી ૨૪, ૧૮)

---

સૂચના :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિ:શુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**